# 22

**માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજના અંતર્ગત સહાય**

* 15/4/1150 **પાયલ મનોજકુમાર કુકરાની** (નરોડા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ માન. મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃતિ યોજનામાં કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજનામાં<br>1. તબીબી સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) તે બે પૈકી જે ઓછુ હોય તેટલી રકમ.<br>2. પેરા–મેડીકલ સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે નિયત થયેલી વાર્ષિક ટ્યુશનફી ની ૫૦ %રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ.<br>3. ડીપ્લોમા અભ્યાક્રમની પરીક્ષા પાસ કરી ડીગ્રી ઈજનેરી સ્વનિર્ભર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/–(રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ<br>4. ધોરણ–૧૨ પછી ડીગ્રી ઈજનેરી અથવા પ્રોફેશનલ સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે ટ્યુશન ફીની ૫૦% રકમ અથવા રૂ.૧,૦૦,૦૦૦/– (રૂપિયા એક લાખ) તે બે પૈકી જે ઓછી હોય તેટલી રકમ<br>5. ધોરણ–૧૦ પછીના ડીપ્લોમા સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે ટ્યુશનફીની ૫૦% રકમ અથવા રૂ.૫૦,૦૦૦/– (રૂપિયા પચાસ હજાર) તે બે પૈકી જે ઓછી હોયતેટલી રકમ.<br>6. રાજયની સરકારી/ગ્રાન્ટેડ/સ્વનિર્ભર સંસ્થાઓ જેવી કે સાયન્સ, કોમર્સ, આર્ટસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને મેરીટના આધારે રૂ.૧૦,૦૦૦(દશ હજાર) સહાય આપવામાં આવે છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં ઉક્ત યોજના અંતર્ગત મેડિકલના કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવેલ છે ? | (૨) | ૯૧૭ વિદ્યાર્થીઓને રૂ.૨૨.૧૬ કરોડ |

----------